સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
## સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી
### સમગ્ર શિક્ષા

સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ (ગુજરાત રાજ્ય)
ફોન નં. : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩
ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨ ૩૨૪૩૬, ૩૮૪૦૪
હેલ્પલાઈન નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૫
E-mail : spdssa@gmail.com
Web : www.ssagujarat.org

**પી. ભારતી, (આઈ.એ.એસ.)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર-પ્રાથમિક શિક્ષણ

નં. એસએસએ/ગ.એ./શિ.ફા.-(૨)/૨૦૧૯-૨૦/ ૯૩૯૫-૯૪૫૮ તા.૨૭/૦૨/૨૦૨૦

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા : તમામ
(૨) જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સમગ્ર શિક્ષા, જિલ્લા પંચાયત સમિતિ,
જિલ્લા : તમામ
(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : ૮ મી માર્ચ-૨૦૨૦ મહિલા દિન નિમિત્તે સરકારી શાળાઓની કનયાઓના સ્વ-રક્ષણ તાલીમના ડેમોસ્ટ્રેશન-"સક્ષમ" કાર્યક્રમના આયોજન બાબત**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ૮ મી માર્ચ-૨૦૨૦ ના રોજ મહિલા દિન નિમિતે રાજયની તમામ સરકારી શાળાની તમામ કન્યાઓના સ્વ-રક્ષણ તાલીમના ડેમોસ્ટ્રેશન-"સક્ષમ" કાર્યક્રમનું આયોજન કરવાનું થાય છે. જેના માટે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને કલસ્ટર કક્ષાએ એક કાર્યક્રમનું આયોજન નીચે મુજબ કરવા જણાવવામાં આવે છે.

1. **જિલ્લા કક્ષાએ મિટીંગનું આયોજન**
   - જિલ્લામાં સ્વ-રક્ષણ તાલીમના આયોજન નિયુકત કરેલ કમિટીના સભ્યો તથા જિલ્લાના પોલિસ વિભાગ તથા જે એન્જસીઓ ધ્વારા જે તે જિલ્લાની કન્યાઓને તાલીમ આપવામાં આવી છે તે એજન્સીના સંયુકત ઉપક્રમે એક મિટિંગ બોલાવી સદર કાર્યક્રમનું આયોજન કરી જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અનેક કલસ્ટર કક્ષાએ સંબંધિતોને કામગીરી સોપવી.
2. **કાર્યક્રમનું આયોજન**
   - કાર્યક્રમનું આયોજન યોગ ડે ની પેર્ટન મુજબ કરવું
   - જિલ્લા કક્ષાએ જિલ્લા મુખ્ય મથકની શાળાઓની ઓછામાં ઓછી ૧૦૦૦ કન્યાઓ પાસે સ્વ-રક્ષણ તાલીમનું ડેમોસ્ટ્રેશન કરાવવું. જેના માટે જિલ્લાના મુખ્ય મથકની પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શાળાનું મેદાન અથવા પોલિસ પરેડ મેદાન તથા અન્ય મેદાન પસંદ કરવું.
   - તાલુકા કક્ષાએ તાલુકા મુખ્ય મથકની શાળાઓની ઓછામાં ઓછી ૫૦૦ કન્યાઓ પાસે સ્વ-રક્ષણ તાલીમનું ડેમોસ્ટ્રેશન કરાવવું. જેના માટે તાલુકાના મુખ્ય મથકની પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શાળાનું મેદાન અથવા અન્ય મેદાન પસંદ કરવું.



Scanned by CamScanner

- ક્લસ્ટર કક્ષાએ ક્લસ્ટરની તમામ શાળાઓની ઓછામાં ઓછી ૨૦૦ કન્યાઓ પાસે સ્વ-રક્ષણ તાલીમનું ડેમોસ્ટ્રેશન કરાવવું. જેના માટે પે-સેન્ટર શાળા, અન્ય પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શાળાનું મેદાન અથવા અન્ય મેદાન પસંદ કરવું.
- કાર્યક્રમનો સમય સવારે ૮:૦૦ થી ૯:૦૦ કલાકનો રાખવો.
- કાર્યક્રમમાં જિલ્લા/તાલુકાના અધિકારી/ગામના અધિકારી/પદાધિકારીઓ તેમજ તમામ મહિલા પદાધિકારીઓને ખાસ આમંત્ર આપવું.
- કાર્યક્રમ પૂર્ણ થઇ ગયા બાદ તમામ કન્યાઓ માટે પોષણયુક્ત અલ્પાહાર (લીબુંપાણી/છાશ/બિસ્કિટ/પીપર્મીટ/સુકીનાસ્તો) ની વ્યવસ્થા કરવી.
- ૫ મી માર્ચ થી નિયમિત તમામ કન્યાઓ પાસે કાર્યક્રમની પ્રેક્ટિસ કરાવવી. તેમજ કાર્યક્રમના એક-બે દિવસ પહેલાં નક્કી કરેલા મેદાન પર કાર્યક્રમનું રિહર્સલ કરાવવું.
- જિલ્લા અને તાલુકા કક્ષાએ કાર્યક્રમમાં ભાગ લેનાર કન્યાઓ જે તે જિલ્લા મથકની, તાલુકા મથક અથવા ક્લસ્ટરના (ગામ/શહેર/ટાઉન) ની શાળાની જ હોય તેની ખાસ તકેદારી રાખવી.
- આ ઉપરાંત ધો.-૧૦ અને ૧૨ ની કન્યાઓનો સમાવેશ કરવાનો થતો નથી.
- સદર કાર્યક્રમ માટે જરૂરી આનુષાંગિક ખર્ચ જે તે જિલ્લાના સ્વ-રક્ષણ તાલીમ હેડ (પ્રાથમિક અને માધ્યમિક) અન્વયે કરવાનો રહેશે.

નોંધ પર માન. મંત્રીશ્રીની શિક્ષણના આદેશ અનુસાર

(પી. ભારતી)

**સવિનય નકલ રવાના :**

- માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી શિક્ષણ (રાજ્ય કક્ષા), બ્લોક નં.-૨, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી શિક્ષણ, બ્લોક નં.-૨, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા કાર્યવાહી અર્થે :**

- મદદનીશ જિલ્લા કો. ઓ. - ગર્લ્સ એજયુકેશન, જિલ્લા અને કોર્પોરેશન તમામ



Scanned by CamScanner